# ખેડૂતોની લડતને ન રાજકીય ગણાવો, ન બનાવો

**આપણા દેશમાં કોઈપણ લડત, આંદોલન શરૂ થાય એટલે એને રાજકીય લડત ગણાવવાની અને બનાવવાની ખરાબ પદ્ધતિ છે. કોઈ વાજબી લડતને સત્તાપક્ષ વિપક્ષ પ્રેરિત લડત ગણાવે અને વિપક્ષ તેને સત્તાપક્ષની નિષ્ફળતા ગણાવે છે. સાચી અને વાજબી વાત પણ દબાઈ જાય છે. તાજેતરમાં ત્રણ રાજ્યોના ખેડૂતોએ લડત ઉપાડીને આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે.**




**મણિલાલ એમ. પટેલ.** aarpar@gmail.com

આપણા દેશમાં કોઈપણ લડત, આંદોલન શરૂ થાય એટલે એને રાજકીય લડત ગણાવવાની અને બનાવવાની ખરાબ પદ્ધતિ છે. ખેડૂતોની લડતને સરકારી કે બેન્કોના કર્મચારીઓની લડત જેવી ન ગણવી જોઈએ. કમનસીબે આપણા દેશમાં ખેડૂત, આદિવાસી, દલિત, શ્રમિક વગેરેને માણસ નહીં પણ મતદાર ગણીને તેમની સાથે વ્યવહાર કરાય છે. કોઈ વાજબી લડતને સત્તાપક્ષ વિપક્ષ પ્રેરિત લડત ગણાવે અને વિપક્ષ તેને સત્તાપક્ષની નિષ્ફળતા ગણાવે છે. પરિણામે સાચી અને વાજબી વાત પણ દબાઈ જાય છે. તાજેતરમાં તામિલનાડુ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ખેડૂતોએ દેવાનાબૂદી અને પોસણક્ષમ ભાવોના મુદ્દે લડત ઉપાડીને આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. આ બંને સમસ્યાઓ માત્ર ત્રણ રાજ્યોની નહીં પણ સમગ્ર દેશના ખેડૂતોની છે. આ સમસ્યાઓ નવી નથી. આઝાદી મળી ત્યારની છે અને એકબીજા સાથે જોડાયેલી છે. ખેડૂતને જો પોસણક્ષમ ભાવો મળે તો તેને લોન લેવાની જરૂર જ ન પડે અને લોન ન લે તો દેવાનાબૂદીનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય નહીં. પરંતુ કમનસીબે લોન ન મળતાં, દેવું થતાં લોનમાફીની માગણી ઊઠે છે અને રાજકીય પક્ષો ચૂંટણીઓ સમયે તેમાં હવા ભરે છે. એક રાજ્યમાં કે એકવાર દેવાનાબૂદીની વાત સ્વીકારાય તો આખા દેશમાં તેની માગણી ઊઠે તે સ્વાભાવિક છે.

આજે ખેડૂતોનું દેશવ્યાપી મજબૂત સંગઠન નથી યા મજબૂત રાષ્ટ્રીય કિસાન નેતા પણ નથી છતાં ખેડૂત હવે ધોતી-પાઘડી પહેરતો ખેડૂત નથી. હળ-બળદથી ખેતી કરતો કે ગાયભેંસનું છાણિયું ખાતર વાપરતો, સિંચાઈ માટે કૂવામાંથી બળદ-કોસની મદદથી પાણી ખેંચતો કે જાતે બિયારણ બનાવતો ખેડૂત રહ્યો નથી. શિક્ષણને કારણે તેનામાં જાગૃતિ આવી છે.

ખેડૂત પોતાનો માલ બજારમાં વેચવા જાય ત્યારે તેના ભાવ ગગડી જાય છે અને પછી વધી જાય છે. એક વર્ષે એક પાકના વધુ ભાવ જોઈને ખેડૂત બીજા વર્ષે તે પાક વાવે તો તેના ભાવ ગગડી જાય છે. ખેતપેદાશો કે ટેકાના ભાવ પાકના ઉત્પાદનખર્ચના આધારે ખેડૂત પોતે નક્કી નથી કરતો પણ વેપારી નક્કી કરે છે. જ્યારે બીજી ચીજોના ભાવો ઉત્પાદનખર્ચ ઉપરાંત નફાની ગણતરી સાથે નક્કી કરીને ઉત્પાદક જે-તે વસ્તુ વેચે છે. આ જ રીતે જો ખેડૂતને ઉત્પાદનખર્ચ આધારિત ભાવો મળે તો તેને લોન લેવાની જરૂર ન પડે અને લોન ન લે તો માફીનો પ્રશ્ન પણ ઊભો ન થાય.

ખેડૂતને લોન કેમ લેવી પડે છે તેનો વિચાર કરવાની જરૂર છે. ખેડૂતને વીજળી, પાણી, સિંચાઈ, બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરેની સુવિધા તેને પોસાય તેવા વાજબી ભાવે મળી રહે તો તેને લોનની જરૂર નહીં પડે અને દેવું નહીં થાય તો આપઘાત કરવાની પણ જરૂર નહીં રહે.

ખેતરનો સેઢો પણ ન જોયો હોય તેવા શાસકો અને તંત્રવાહકો કૃષિનીતિ નક્કી કરતા હોય છે. તેમને ખબર નથી હોતી કે દેશમાં જિલ્લે-જિલ્લે જમીન, પાક અને સિંચાઇના પ્રશ્નો જુદા જુદા હોય છે. સરકાર જે પાકવીમા યોજનાનાં ગાણાં ગાતાં થાકતી નથી તેના ૮૩ ટકા દાવા વીમાકંપનીઓએ મંજૂર કર્યા નથી. સિંચાઇની અનેક યોજનાઓ સમયસર પૂરી થતી નથી. લાખો વીજળીનાં જોડાણો મળતાં નથી. વિપુલ પાક છતાં જે તે વસ્તુની આયાત કરાય છે. પૂરતાં ગોદામોની વ્યવસ્થા નથી. ટેકાના ભાવે ખેડૂતો માલ વેચી દે પછી મોડી ખરીદી શરૂ થાય છે અને ઘણીવાર વહેલી બંધ થઇ જાય છે. આમ યોગ્ય અમલના અભાવે ખેડૂતોની મુશ્કેલીઓ ઠેરની ઠેર રહે છે. આજે દેશના અનેક રાજ્યોના ખેડૂતોની માસિક આવક માંડ ૨,૦૦૦ રૂા. છે. છેલ્લા ચાર વર્ષમાં ૧૨,૦૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી છે છતાં આત્મહત્યા નિવારવા કોઇ ચોક્કસ નીતિ નક્કી થઇ નથી.

આ સ્થિતિમાં કૃષિખાતાનું નામ બદલવાથી કે સોઇલ હેલ્થ કાર્ડ આપવાથી ખેડૂતોનો ઉદ્ધાર થવાનો નથી. તમામ રાજકીય પક્ષોએ રાજકારણ બાજુએ રાખીને ખેડૂતોના પ્રશ્ને સર્વસંમતિ સાધીને તે ઉકેલવાના પ્રયાસો કરવાની તાતી જરૂર છે.

## મિડિયાને દબાવવાથી ખુદ શાસનને નુકસાન

લોકશાહીમાં જે રાજકીય પક્ષ શાસનમાં હોય તેને પોતાના વાજિંત્ર જેવું મિડિયા ગમે છે અને વિપક્ષમાં હોય ત્યારે સ્વતંત્ર મિડિયાની વકીલાત કરે છે. સત્તાપક્ષ યેન કેન પ્રકારેણ, પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે મિડિયાને નિયંત્રણમાં રાખવાની કોશિશ કરે છે. મિડિયા લાલચથી ન માને તો ડરાવીને પણ પોતાનું કહ્યાગરું કરવાની વૃત્તિ વધતી જાય છે જે લોકશાહીના ભાવિ માટે ખતરાની ઘંટડી સમાન છે. તાજેતરમાં એનડીટીવીના સંચાલકને ત્યાં સીબીઆઇએ દરોડા પાડ્યા. દરોડાના આગલા દિવસે જ સત્તાપક્ષના પ્રવક્તા અને આ ન્યૂઝચેનલના એન્કર વચ્ચે વિવાદ થયો હતો. અગાઉ પણ આ ચેનલ બે દિવસ બંધ રાખવાનું ફરમાન છૂટ્યું હતું. એનડીટીવીની છાપ સરકારની આલોચના કરનારી ન્યૂઝચેનલ તરીકેની છે. સરકારની બિનજરૂરી ખુશામતમાં તે પડતી નથી. સરકારને પોતાની ટીકા ન ગમે તે સ્વાભાવિક છે. સીબીઆઇએ ખુલાસો કર્યો કે મિડિયા હાઉસ પર નહીં તેના માલિકને ત્યાં દરોડા પાડ્યા છે. માલિકે સ્પષ્ટતા કરી કે જે મુદ્દે દરોડા પડ્યા તે ૨૦૦૮નો છે અને પતી પણ ગયો છે તો પછી દરોડા શું કામ? મિડિયા હાઉસ પર દરોડા પડે તો જ મિડિયાને દબાવ્યું કહેવાય? તેના સંચાલકને ત્યાં દરોડા પડાય તે જુદું કહેવાય?



અગાઉ પ્રિન્ટ મિડિયાને કાગળનો ક્વોટા ઘટાડી-બંધ કરીને દબાવાતું. હવે જાહેરાતો ઘટાડી-બંધ કરીને આર્થિક રીતે ગળે ટૂંપો દેવા પ્રયાસો થાય છે, છતાં ન માને તો સીબીઆઇ અને આવકવેરા ખાતું સરકારની સેવામાં પાળેલા પોપટની જેમ હાજર હોય છે. આજે સરકારની વાજબી ટીકા કરનાર મિડિયાની સંખ્યા ઘટી રહી છે તો ભાટાઇ કરીને લાભો અંકિત કરનારા ધંધાદારીઓની સંખ્યા વધી રહી છે. હવે મોટાં ઔદ્યોગિક ગૃહો પણ મિડિયાનો કબજો મેળવવા તરફ વળ્યાં છે. કેમ કે ઉદ્યોગગૃહો અને સરકારનાં હિતો સમાન હોય છે. આવાં મિડિયા પાસે સ્વતંત્ર અભિવ્યક્તિ કે અવાજની અપેક્ષા રાખવી નિરર્થક છે. સત્તાપક્ષે પણ ચૂંટણી જીતવા તેમની મર્યાદા અને ટીકાઓ જાણવી પડશે. જે સ્વતંત્ર મિડિયા પાસેથી જ મળી શકે. આમ સ્વતંત્ર મિડિયા ખુદ શાસકપક્ષના હિતમાં છે, છતાં શાસકપક્ષને ડર રહે છે કે મિડિયાની આલોચનાથી શાસન વિરોધી મત પ્રબળ ન બને.

આમ શાસકપક્ષ પોતાના સત્તાલક્ષી સ્વાર્થ માટે મિડિયાને પોતાના કાબૂમાં રાખવા પ્રયાસો કરે છે.



લોકશાહીમાં મિડિયા સ્વતંત્ર હશે તો જ લોકોનો અવાજ શાસન સુધી પહોંચી શકશે અને પ્રજાની સાચી લાગણી-માગણી સરકાર સુધી પહોંચે એમાં જ ખુદ સત્તાધારી પક્ષનું પણ હિત સમાયેલું છે. સરકારની ટીકા એ આમ તો વહીવટીતંત્રની ટીકા છે, જેને રચનાત્મક દૃષ્ટિથી લઇને તંત્રને સુધારવાને બદલે સરકાર પોતાની ટીકા ગણી લે છે.સરકારે મિડિયા અને કેગની ટીકાઓ પ્રત્યે વિધેયાત્મક અભિગમ અપનાવવો જોઇએ, જે પ્રજાના વિશાળ હિતમાં છે.ભારતમાં લોકશાહીનો વિકાસ સ્વતંત્ર મિડિયાના કારણે થયો છે. જો મિડિયા સ્વતંત્ર ન હોત તો ગઇકાલનો વિપક્ષ આજનો સત્તાપક્ષ ન બની શકત.

## ગાય માતા છે એને પ્રાણી ન બનાવો

ગાય દૂધને બદલે મતનો વિષય બની ગઇ છે. આખા શહેરનો કચરો ને પ્લાસ્ટિક ખાઇને જીવતી ગાયમાતા કોઇની નજરે નથી આવતી. ચૂંટણીઓ નજીક આવે એટલે ગાય અને ગંગાનું સૌને સ્મરણ થાય છે. હિંદુ ધર્મમાં ગાય પવિત્ર છે અને નદીની પેઠે તેનું પણ માનવીના જીવનમાં માતાનું સ્થાન છે. ગાય માત્ર પ્રાણી નથી પણ એક સમયે ગ્રામીણ અર્થતંત્રની કામધેનુ યા કરોડરજ્જુ હતી. ગાયના બળદથી ખેતી થતી. તેનું દૂધ, દહીં, છાશ પીવામાં તેમજ છાણ -મૂત્ર પ્રકૃતિક ઔષધ તરીકે તેમજ ખાતરના ઉપયોગમાં આવે છે. આમ ગાય માણસની માતાની ફરજ બજાવે છે. હમણાં ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માગ ઊઠી છે. ગાય જંગલમાં રહેતી નથી. લોકોના ઘરોમાં રહે છે. તે સ્વભાવે હિંસક કે ભયાવહ પ્રાણી નથી પણ માયાળુ માતા સમી વાત્સલ્યમૂર્તિ છે. તેને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાથી તેનાં ગૌરવ અને ગરિમા ઘટશે કે વધશે? નદી જેમ લોકમાતા છે તેમ ગાય ધરતીમાતા સમી છે. રાજકારણીઓએ ગાયને 'રાજકીય પ્રાણી' બનાવવાની સ્વાર્થી વૃત્તિમાંથી બહાર નીકળવાની જરૂર છે.